eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 287
September 09, 2011



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા  દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૩/૦૯/૨૦૧૧ ના રોજ નેશનલ પ્લાઝા, પેટ્રોલ પંપ પાસે, સુરત– નવસારી મેઈન રોડ, ઉન પાટીયા, ઉન, સુરત ખાતે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૯ મી નાટ્ય સ્પર્ધાનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી નાટ્યસ્પર્ધા મુજબ આ વર્ષે પણ તા. ૦૪/૦૯/૨૦૧૧ થી તા. ૧૩/૦૯/૨૦૧૧ દરમ્યાન ૩૯ મી નાટ્યસ્પર્ધા ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## કર્ણાટક રાજયના થર્ડ સ્ટેટ ફાઈનાન્સ કમીશન ટાસ્ક ફોર્સના ચેરમેનશ્રી એ. જી. કોડગી તથા ટીમના સદસ્યશ્રીઓ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે

કર્ણાટક રાજયના થર્ડ સ્ટેટ ફાઈનાન્સ કમીશન ટાસ્ક ફોર્સના ચેરમેનશ્રી એ.જી.કોડગી તથા ટીમના સદસ્યશ્રીઓએ તા. ૦૬/૦૯/૨૦૧૧ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન



સરકારશ્રી દ્વારા આ વર્ષે જુન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ઝુંબેશને સફળ બનાવવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં અવેલ હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>



## નોર્થઝોન (કતારગામ) ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન

નોર્થઝોન (કતારગામ) ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૦૩/૦૯/૨૦૧૧ ના રોજ નેશનલ પ્લાઝા, પેટ્રોલ પંપ પાસે, સુરત– નવસારી મેઈન રોડ, ઉન પાટીયા, ઉન, સુરત ખાતે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા, રૂગ્ણાલય સમિતિ અધ્યક્ષા કુ. પારૂલબેન ભારતી, ગટર સમિતિ અધ્યક્ષશ્રી સોમનાથભાઈ મરાઠે, આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ. દેસાઈ, ઉધના ઝોનના ઝોનલચીફશ્રી ભરતભાઈ શાહ, કાર્યપાલક ઈજનેરશ્રી ડી. સી. ગાંધી, નાયબ આરોગ્ય અધિકારી ડો. દિનેશ પટેલ, નાયબ આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ ડો. કે. આઈ. ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, વડોદ, પાંડેસરા, ઉધના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશનરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે "સામાન્ય રીતે ચોમાસામાં રોગો થવાની શકયતા વધી જાય છે. છેલ્લા પાંચ વર્ષથી ચોમાસાની ઋતુમાં શહેરના વિવિધ ઝોનમાં વિના મૂલ્યે નિદાન સારવાર કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. ખાસ કરીને ગરીબ–મધ્યમ વર્ગની જનતાને તજજ્ઞો દ્વારા નિદાન/સારવાર આવા કેમ્પમાં મળી જ રહે છે. સાથે આરોગ્યલક્ષી પ્રદર્શનમાં રોગથી બચવા માર્ગદર્શન આપવામાં આવે છે. જેનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ કર્યો હતો.

રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષા કુ. પારૂલબેન ભારતીએ સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું. દરેક નાગરિકોએ પોતાના ઘરની તથા આજુબાજુની સાફ સફાઈ કરવી જોઈએ. જો આપણી આજુ બાજુના વિસ્તારની સાફ સફાઈ સારી રીતે થયેલ હશે તો રોગચાળાનું પ્રમાણ પણ ઓછું જોવા મળશે.

**Continue …**

આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબને રાણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, ગુજરાતમાં સૌ પ્રથમ આ પ્રકારના મેડીકલ કેમ્પો સુરતમાં થઈ રહયા છે જે બતાવે છે કે સુરત મહાનગરપાલિકાને આપણા આરોગ્યની ચિંતા છે. ઘરવપરાશનો કચરો ગમે ત્યાં ન નાંખતા ડોર ટુ ડોર કચરાગાડીમાં અથવા નજીકમાં આવેલ કચરાપેટીમાં નાખવા નાગરીકોને અપીલ કરી હતી. આપણા ઘરમાં, ઘરની આસપાસ પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવા નાગરીકોને અપીલ કરી હતી અને આરોગ્ય ખાતાની કામગીરીને બિરદાવી હતી.

શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુકે, આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોથી બચવા આવા કેમ્પોનું આયોજન કરે છે.જેમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા આરોગ્યનું નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો મહત્તમ લાભ લેવા જનતાને અપીલ કરી હતી. આવા કેમ્પોનો મુખ્ય હેતુ ખાસ કરીને સ્લમ વિસ્તારના લોકોને વિના મુલ્યે સારવાર આપવાનો છે. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્યલક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે. જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ઉન તથા આસપાસના વિસ્તારના કુલ ૭૦૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૫૨ ચામડીના નિષ્ણાત દ્વારા ૧૨૪ સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૬૦ બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૩૬ ફિઝીશ્યન દ્વારા ૧૭૪ સર્જન દ્વારા ૧૮ મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૩૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૩૭ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૧૧૫ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ૭૦ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૫૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ૪૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવેલ હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૨૦, ઓરલ પીલ્સ ૩ર પેકેટ, આયર્ન ફોલીક એસીડ ૧૧૨૦ ટેબલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા ૨૭ બાળકોને ડીપીટી, ૦૮ બાળકોને બી.સી.જી., ૩૫ બાળકોને પોલીયો, ૨૦ બાળકોને ઓરી, ૧૬ બાળકોને ટી.ટી., ૪ બાળકોને ડી.ટી.ની રસી આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ–** આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખઃ ૧૦/૦૯/૧૧ ના રોજ યુટીલીટી સેન્ટર, તાડવાડી, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૯ મી નાટ્ય સ્પર્ધાનું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી નાટ્યસ્પર્ધા મુજબ આ વર્ષે પણ તા. ૦૪/૦૯/૨૦૧૧ થી તા. ૧૩/૦૯/૨૦૧૧ દરમ્યાન ૩૯ મી નાટ્યસ્પર્ધા ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેનો શુભારંભ તા. ૦૪/૦૯/૨૦૧૧ ને રવિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ગાંધીસ્મૃતિ ભવન ખાતે મા. મેયરશ્રી રાજેન્દ્ર એ.દેસાઈ, ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુનિ. કમિશનરશ્રી એમ.કે.દાસ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, ડે.કમિશનરશ્રી પી.જે.ઝાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, નિર્ણાયકશ્રી પ્રો.સોમેશ્વર ગોહેલ, શ્રી વિહંગ મહેતા, શ્રી જયકર ધોળકિયાના વરદહસ્તે દીપપ્રાગટય કરી કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે રંગકર્મી સંસ્થાના શ્રી નરેશ કાપડીયા દિગ્દર્શીત ''રણમાં ખિલ્યું પારિજાત'' રજુ કરવામાં આવ્યું હતું. ૨૧ મી સદીમાં પણ કચ્છ વિસ્તારની વણઝારા જ્ઞાતિમાં પ્રસ્થાપિત લગ્ન પહેલાં માસુમ બાળાઓ ઉપર દાયણ દ્વારા કરવામાં આવતી પીડાદાયક વિધિને પ્રદર્શિત કરી, તે નાબુદ કરવા ઉપાડેલ આંતરરાષ્ટ્રીય જેહાદને આગવી રીતે રજુ કરવામાં આવી હતી. શહેરના નાટ્ય રસિક નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી નાટક માંણ્યુ હતું. હવે પછી નીચે મુજબ આ સ્પર્ધામાં નાટકો દરરોજ રાત્રે ૯.૦૦ કલાકે ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે રજુ થશે. નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહિં. પ્રવેશ તેમજ બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ છે.






| ક્રમ | નાટકની તારીખ | નાટકનું નામ | સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૦૫/૦૯/૨૦૧૧ | મેકબેથ | મલ્હાર | સોનલ વૈધ કુલકર્ણી |
| ૨ | ૦૬/૦૯/૨૦૧૧ | અવતરણ | આશિયાના પરિવાર | શ્રી કશ્યપ જોશી |
| ૩ | ૦૭/૦૯/૨૦૧૧ | મીનમેખ | રાષ્ટ્રીય કળા કેન્દ્ર | શ્રી મેહુલ શર્મા |
| ૪ | ૦૮/૦૯/૨૦૧૧ | ફંદી | રાજગૃપ થિયેટર એન્ડ પર્ફોમીંગ આર્ટસ | શ્રી રાજેશ પાંડેય |
| ૫ | ૦૯/૦૯/૨૦૧૧ | અમે બરફના પંખી | અસ્તિત્વ | શ્રી દિનેશ ભગતજી |
| ૬ | ૧૦/૦૯/૨૦૧૧ | રમણ ભમણ | પી.પી.એન્ડ ગૃપ | શ્રી પ્રવિણ પાન પાટીલ |
| ૭ | ૧૨/૦૯/૨૦૧૧ | એન્કાઉન્ટર | સ્વરમ્ એન્ટરટેઈનર | શ્રી પંકજ પાઠકજી |
| ૮ | ૧૩/૦૯/૨૦૧૧ | સાવ અમારી જાત અલગ છે | ફન અનલિમિટેડ | શ્રી ગીરીશ સોલંકી |

TOP

## કર્ણાટક રાજયના થર્ડ સ્ટેટ ફાઈનાન્સ કમીશન ટાસ્ક ફોર્સના ચેરમેનશ્રી એ. જી. કોડગી તથા ટીમના સદસ્યશ્રીઓ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



કર્ણાટક રાજયના થર્ડ સ્ટેટ ફાઈનાન્સ કમીશન ટાસ્ક ફોર્સના ચેરમેનશ્રી એ.જી.કોડગી તથા ટીમના સદસ્યશ્રીઓએ તા.૦૬/૦૯/૨૦૧૧ના રોજ સાંજે ૪.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી. સુરત મહાનગરપાલિકાના જુના સ્થાયી સમિતિ રૂમમાં મા. કમિશ્નરશ્રી એમ. કે. દાસની અધ્યક્ષતામાં એક મીટીંગ/પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મા.કમિશ્નરશ્રી એમ.કે.દાસે ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. તથા સુરત શહેરની ઐતિહાસિક માહિતી આપી હતી. વધુમાં જણાવ્યું હતું કે શાસકો અને અધિકારીઓના સુમેળભર્યા સહયોગથી શહેરનો અવિરત વિકાસ થઈ રહયો છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને આપવામાં માળખાકીય સુવિધાઓની માહિતીથી માહિતગાર કર્યા.

એક સમયે આશેર ૨૫ ચો.કીમીનો વિસ્તાર ધરાવતું શહેર આજે ૩૨૬.૫૧૫ ચો.કીમીમાં વિસ્તરી ચુકયું છે. ડાયમંડ સીટી અને ટેક્ષ્ટાઈલ સીટી તરીકે ઓળખાતું આ શહેર આજે ખુબ જ વિસ્તરી તથા વિકસી ચુકયું છે.

સુરત મહાનગરપાલિકા શિક્ષણક્ષેત્રે પણ યોગદાન પણ આપેલ છે. શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં પરપ્રાંતીય લોકોના બાળકો સર્વોચ્ચ શિક્ષણ મળી રહે તે માટે ઉડીયા, તેલુગુ,ઉર્દુ, મરાઠી જેવા માધ્યમોની શાળાઓ શરૂ કરવામાં આવી છે. આરોગ્યક્ષેત્રે પણ હેલ્થ સેન્ટરો, મેડીકલ હોસ્પિટલ તથા કોલેજની સુવિધા છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, બાયોમેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, બ્રીજ, ઈન્ડોર સ્ટેડિયમ, સાયન્સ સીટી તથા ઈડબલ્યુ આવાસોની સુવિધા, કોમ્યુનીટી હોલ, BRTS પ્રોજેકટ તથા ભાવિ આયોજનોનો પણ ચિતાર આપ્યો હતો. વધુમાં શહેરના આવકના સ્તોત્ર જેવા કે પ્રોપર્ટી ટેક્ષ, વ્હીકલ ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ,સર્વિસ ટેક્ષ, ઈમ્પેકટ ફી, આઈ.સી.ચાર્જ વિગેરેની વિસ્તૃત માહિતી આપેલ હતી. તેમજ તાજેતરમાં સુરત મહાનગરપાલિકાને મુંબઈ ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટીલનાં વરદહસ્તે નગરરત્ન એવોર્ડ આપવામાં આવેલ હતો.

મુલાકાતી ટીમના ચેરમેનશ્રી એ.જી.કોડગીએ સુરત મહાનગરપાલિકાની તેઓની મુલાકાત સફળ રહી હોવાનું જણાવી સૌનો આભાર માન્યો હતો.

TOP

## "મેલેરીયા વિરોધી માસ" અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન



સરકારશ્રી દ્વારા આ વર્ષે જુન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવા નકકી કરેલ હોય, સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ઝુંબેશને સફળ બનાવવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો કરવામાં અવેલ હતા. આજનો વિદ્યાર્થી આવતી કાલનું ભવિષ્ય હોય, મચ્છરજન્ય રોગ નિયંત્રણ કામગીરીમાં તેઓને સહભાગી બનાવવા શહેરની ખાનગી અને નગર પ્રાથમિકની કુલ ૨૩૬ સ્કુલો મળી ૧૪૬૯ વિદ્યાર્થીઓના સહયોગથી સુરત મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગો વિષયક નિબંધ સ્પર્ધા,કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા રાખવામાં આવેલ.

તા. ૭/૯/૨૦૧૧ નાં રોજ સરદાર વલ્લભભાઈ સભા ખંડ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત ખાતે સદર સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ઈનામ વિતરણ કાર્યક્રમ મા.મેયરશ્રી રાજુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતો. સદર કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રીમતી છાયાબેન ભુવા, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી વર્ષાબેન રાણા અને રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષા કુમારી પારૂલબેન ભારતી, મા. મ્યુ. કમિશ્નરશ્રી એમ. કે. દાસ, નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. આઈ. ખત્રી, ઈ. ચા. જંતુનાશક અધિકારી ડો. કે. જી. વૈષ્ણવ, આસી.જંતુનાશક અધિકારીઓ તથા વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ, ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવેલ અને તમામ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું અને મા.મેયરશ્રી દ્વારા દિપ પ્રગટાવીને સમારંભની શરૂઆત કરવામાં આવી.

દિપ પ્રાગ્ટય બાદ નિબંધ સ્પર્ધા, કવીઝ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. અને ૧૨ જેટલા આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ અર્ચના વિદ્યાભવનની વિદ્યાર્થીની કનેરીયા રૂચિતા અરવિંદભાઈ, કવીઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ લીલાબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની ઘડિયાળી નેન્સી જયેન્દ્રભાઈ અને ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ સુરત પીપલ્સ હાઈસ્કુલ, અમરોલીની વિદ્યાર્થીની મકવાણા હેમાંશી લાલજીભાઈને પ્રથમ પારીતોષિક આપવામાં આવેલ.

મા.મેયરશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે શહેરીજનો માટે સ્વાસ્થ્ય અંગેની જાણકારી વિવિધ કેમ્પો દ્વારા કરવામાં આવે છે. આજની ઈનામ વિતરણ સ્પર્ધાનાં ખાસ તો બાળકો રોગ અટકાયત માટે બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છે. બાળકોએ સ્પર્ધામાં પોતાના વિચારો નિબંધ,ચિત્ર અને કવીઝ દ્વારા દર્શાવ્યા છે, તે વિચારોનો અમલ જો તેઓ પોતાના ઘરમાં, પોતાના મિત્રવર્તુળમાં, સ્કૂલોમાં અને સોસાયટીઓમાં કરે તો તેનું પરિણામ ઘણું જ સરસ મળી શકે તેમ છે. મેલેરીયા નિયંત્રણ એ આપણા સૌની જવાબદારી અને આપણા સૌની ભાગીદારી એવું એક વિદ્યાર્થીનીએ તેમના નિબંધમાં રજુ કરેલ, તેના ઉપર તેમણે ભાર મૂકતા જણાવ્યું હતું કે, મેલેરીયા નિયંત્રણ માટે સુરત મહાનગરપાલિકા તો કામગીરી કરવા તૈયાર જ છે, પરંતુ સુરત શહેરનાં નાગરિક પણ પોતાની જવાબદારી સમજીને સુરત મહાનગરપાલિકાને સાથ સહકાર આપે જે ઘણું જ જરૂરી છે. વિદ્યાર્થીઓ નાનપણથી જ જો આવી સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો આગળ જતાં તેઓ આરોગ્યલક્ષી કાર્યમાં સારી સમજદારી બતાવી શકે.

કાર્યક્રમનાં અંતે આભારવિધિ ઈ. ચા. જંતુનાશક અધિકારી ડો. કે. જી. વૈષ્ણવ દ્વારા કરવામાં આવી. તેમણે જણાવ્યું કે, મચ્છરજન્ય રોગના નિયંત્રણ માટે સ્પર્ધામાં ભાગ લીધેલ દરેક સ્કૂલનાં આચાર્યશ્રી,શિક્ષકો તથા વિદ્યાર્થીઓનો સુરત મહાનગરપાલિકા હદયપૂર્વક આભાર માને છે, તથા ભવિષ્યમાં પણ અમોને આ જ રીતનો સહકાર મળે એવી અપેક્ષા રાખીએ.

**TOP**

## નોર્થઝોન (કતારગામ) ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન




નોર્થઝોન (કતારગામ) ના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ ધ્વારા કતારગામ–અમરોલી વિસ્તારમાં આવેલ તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા અને કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. તમામ શાળાઓમાંથી ચિત્ર સ્પર્ધામાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમે સુરત પીપલ્સ બેંક હાઈસ્કુલના મકવાણા હેમાક્ષી લાલજીભાઈ, કિવઝ સ્પર્ધામાં ૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમે લીલાબા કન્યા વિદ્યાલયના ઘડીયાળી નૈન્સી જયેન્દ્રભાઈ તેમજ અક્ષર જયોતિ વિદ્યાલયના અવૈયા દર્શન વિજયભાઈ એમ બે વિદ્યાર્થી આવેલ છે. નિબંધ સ્પર્ધામાં ૨૭ વિદ્યાર્થીએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રથમ ક્રમે કે.એન.એમ.પી.વિદ્યાલયના ગામીત પાર્થ યોગેશભાઈ આવેલ છે.

સદર સ્પર્ધાઓના વિજેતાઓના ઈનામ વિતરણ સમારોહ કોમ્યુનીટી હોલ કતારગામ ખાતે રાખેલ હતો. આ સ્પર્ધામાં નોર્થઝોન (કતારગામ) ના આસી.જંતુનાશક અધિકારી ડો. ગાયત્રીબેન જરીવાલા દ્વારા વિદ્યાર્થીઓને મચ્છરજન્ય રોગો વિશે વિસ્તૃત માહિતી તેમજ અન્ય અટકાયતના પગલાં વિશે સમજણ આપવામાં આવેલ છે. તમામ વિદ્યાર્થીઓને તેમના ઘરની ટાંકીઓ, અગાશીમાં રાખવામાં આવેલ પડતર સામાન, ડ્રમ/કેરબા તપાસવામાં કહેવામાં આવ્યું. તેમજ ઘરના માતા–પિતાને તે બાબતે સમજાવા માટે કહેવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં નોર્થઝોન (કતારગામ) નાં ઝોનલ ચીફ શ્રી બી. આઈ. દલાલ, કાર્યપાલક ઈજનેરશ્રી જયદિપસિંહ ચૌહાણ તથા શ્રી નાયબ આરોગ્ય અધિકારી શ્રી એસ.એસ.દાસના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ. જેમાં વી. બી. ડી. સી. વિભાગનો સ્ટાફ અને ભાગ લીધેલ તમામ શાળાઓનાં આચાર્ય તેમજ શિક્ષકો, વાલીગણ હાજર રહેલ હતા.

TOP